# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૦૮ તા.૨૪-૦૧-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : ૨૬ મી જાન્યુઆરી ૨૦૨૪ પ્રજાસત્તાક દિન નિમિત્તે એસ.એમ.સી. કક્ષાએ '' દિકરીને સલામ દેશને નામ'' કાર્યક્રમની ઉજવણી કરવા બાબત.

સંદર્ભઃ એડી. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સ્ટેટ પ્રોજેક્ટ કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ એસએસ./ ગેએ./ડીએસડીએન/૨૦૨૪/૩૯૬૩-૪૦૦, તા. ૨૩-૦૧-૨૦૨૩

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકોને ઉપરોક્ત વિષય અને સંદર્ભિત પત્ર અન્વયે જણાવવાનું કે, દર વર્ષની જેમ ચાલુ વર્ષે રાજયની તમામ શાળા તથા તમામ કેજીબીવી કક્ષાએ ૧૫ મી ઓગસ્ટ તથા ૨૬ મી જાન્યુઆરીના રોજ વાલી સંમલેન કરવા જણાવેલ જે અન્વયે ૧૫ મી ઓગસ્ટના ૨૦૨૩ ના રોજ એક વાલી સંમેલન પૂર્ણ થયેલ છે અને બીજુ વાલી સંમેલન ૨૬ મી જાન્યુઆરી ૨૦૨૪ રોજ કરવાનું થાય છે.

સદર વાલી સંમેલનમાં ૨૬ મી જાન્યુઆરી '' પ્રજાસત્તાક દિન'' નિમિત્તે '' દિકરીની સલામ દેશને નામ'' કાર્યક્રમની ઉજવણી કરવાનું થાય છે. આ કાર્યક્રમ ખૂબ અસરકારક થાય તે હેતુથી શાળા જિલ્લા/ તાલુકા/ કલસ્ટર/ ગ્રામ્ય/ કક્ષાએ મહત્તમ પ્રચાર- પ્રસાર કરવા નીચે મુજબના કાર્યક્રમો કરવા જણાવવામાં આવે છે.

- ૨૨ મી જાન્યુઆરી - ૨૦૨૩ થી ૨૨ મી જાન્યુઆરી - ૨૦૨૪ દરમ્યાનમાં જન્મેલી દિકરીઓને શાળા કક્ષાએ આમંત્રણ આપવાનું રહેશે.
- શાળા વિસ્તારની દિકરીઓ પૈકી જે દિકરીએ સૌથી વધુ શિક્ષણ મેળવેલ છે અને તે દિકરી હાલ શાળા વિસ્તારમાં રહેતી હોય તો તે દિકરીની પસંદગી કરી, તેને મુખ્ય અતિથિ બનાવી તેની પાસે ધ્વજવંદન કરવવાનું રહેશે. (શાળા વિસ્તારની દિકરીઓને વધુ પ્રોત્સાહન મળે તે માટે અત્યાર સુધી યોજાયેલ આ કાર્યક્રમ માટે જે તે વર્ષે પસંદગી પામેલ દિકરી સિવાયની દિકરીની પસંદગી થાય તેમ કરવું) જો શાળામાં CWSN દિકરી હોય તો તેને પ્રથમ પસંદગી કરવાની રહેશે.)

વધુમાં આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં જણાવેલ સુચના મુજબ અમલવારી કરવાની રહેશે.

બિડાણઃ- સંદર્ભિતપત્ર

તા.૨૪-૦૧-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

**અગત્યની નોંધઃ-**

૨૬ મી જાન્યુઆરી ૨૦૨૪ પ્રજાસત્તાક દિન નિમિત્તે પ્રતિભાશાળી શિક્ષકોના પ્રમાણપત્ર સ્થાનિક કક્ષાએ પ્રજાસત્તાક દિનની ઉજવણી દરમ્યાન મુખ્ય મહેમાનના હસ્તે પ્રતિભાશાળી પ્રમાણપત્ર આપી પ્રતિભાશાળી શિક્ષકનું સન્માન કરવાનું રહેશે.

તા.૨૪-૦૧-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરની કચેરી,
સમગ્ર શિક્ષા, સેકટર-૧૭, ગાંધીનગર.-૩૮૨૦૧૭
ફોન.૦૭૯-૨૩૨૩૨૪૧૩, ફેકસ:૦૭૯-૨૩૨૩૮૪૦૪
Email : - aspdssaguj@gmail.com
Toll Free No.1800-233-7965

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

NIPUN BHARAT

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

પત્રક્રમાંકઃએસએસ/ગ.એ./DSDN/૨૦૨૪/ ૩૯૬૩-૪૦૦૦ તા:૨૩/૦૧/૨૦૨૪.

પ્રતિ,
૧. જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
સમગ્ર શિક્ષા, જિલ્લા:તમામ.
૨. શાસનાધિકારી તમામ

વિષયઃ ૨૬ મી જાન્યુઆરી-૨૦૨૪ પ્રજાસત્તાક દિન નિમિત્તે એસએમસી કક્ષાએ "દીકરીની સલામ દેશને નામ " કાર્યક્રમની સૂચના તેમજ માહિતી બાબત.

સંદર્ભ: ૧.માન.એસ.પી.ડીશ્રીની તા:૨૧/૦૭/૨૦૨૩ ની નોંધ પર મળેલ મંજૂરી અન્વયે.

૨.અત્રેની કચેરીના પત્ર ક્રમાંકઃએસએસ/આઈ.ઈ.સી./કોમ્યુ.મોબી./૨૦૨૩/ ૩૬૬૪૩-૬૭૩. તા:૦૧/૦૮/૨૦૨૩.

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, દર વર્ષની જેમ ચાલું વર્ષે રાજયની તમામ શાળા તથા તમામ કેજીબીવી કક્ષાએ સંદર્ભદર્શિત પત્રથી ૧૫ મી ઓગસ્ટ તથા ૨૬ મી જાન્યુઆરીના રોજ વાલી સંમેલન કરવા જણાવેલ હતું. જે અન્વયે ૧૫મી ઓગસ્ટ-૨૦૨૩ ના રોજ એક વાલી સંમેલન પૂર્ણ થયેલ છે અને બીજું વાલી સંમેલન ૨૬ મી જાન્યુઆરી-૨૦૨૪ ના રોજ કરવાનું થાય છે.

સદર વાલી સંમેલનમાં ૨૬મી જાન્યુઆરી-૨૦૨૪ "પ્રજાસત્તાક દિન" નિમિત્તે "દીકરીની સલામ દેશને નામ" કાર્યક્રમની ઉજવણીનું આયોજન કરવાનું થાય છે. સદર કાર્યક્રમની સૂચના સંદર્ભદર્શિત પત્ર અન્વયે આપને આપેલ છે.કાર્યક્રમ ખૂબ અસરકારક થાય તે હેતુથી જિલ્લા/તાલુકા/કલસ્ટર/ગ્રામ્ય કક્ષાએ મહતમ પ્રચાર-પ્રસાર કરવા નીચે મુજબની સૂચનાઓ આપની કક્ષાએથી સંબધિતોને આપવા વિનંતી છે.

- ૨૨મી જાન્યુઆરી-૨૦૨૩ થી ૨૨ મી જાન્યુઆરી-૨૦૨૪ દરમ્યાનમાં જન્મેલી દીકરીઓને શાળા કક્ષાએ આમંત્રણ આપવું.

આ કાર્યક્રમ માટે ગામની દીકરીઓ પૈકી જે દિકરીએ સૌથી વધુ શિક્ષણ મેળવેલ છે અને તે દીકરી હાલ ગામમાં રહેતી હોય તો તે દીકરીની પસંદગી કરી, તેને મુખ્ય અતિથિ બનાવી તેને પાસે ધ્વજવંદન કરાવવું.(ગામની દીકરીઓને વધુ પ્રોત્સાહન મળે તે માટે અત્યાર સુધી યોજાયેલ આ કાર્યક્રમ માટે જે તે વર્ષે પસંદગી પામેલ દીકરી સિવાયની દીકરીની પસંદગી થાય તેમ કરવું.) જો શાળામાં CWSN દીકરી હોય તો તેને પ્રથમ પસંદગી આપવી.

સદર કાર્યક્રમના બહોળા પ્રચાર-પ્રસાર માટે જિલ્લા કક્ષાએથી પ્રિન્ટ મીડીયા અને ઈલેકટ્રોનિક મીડીયાનો ઉપયોગ કરવાનો રહેશે.

સીઆરસી કો.ઓ.ને પોતાના કલસ્ટરની અને બી.આર.સી.કો.ઓ.ને પોતાના તાલુકાની તમામ શાળાઓની આ કાર્યક્રમના આયોજન અંગેની માહિતી મેળવી કાર્યક્રમનું સમગ્ર આયોજન સુનિશ્ચિત કરવા જણાવવું.

સદર કાર્યક્રમના અસરકારક અમલીકરણ માટે જિલ્લાના ડી.ડી.ઓશ્રી, કલેકટરશ્રી, ડાયટ પ્રાચાર્યશ્રી તેમજ જિલ્લા કક્ષાના અન્ય અધિકારીશ્રીઓને તાલુકાના પ્રભારી બનાવી શકાશે.

ભારત સરકારના શિક્ષા મંત્રાલયના બેટી બચાવો બેટી પઢાઓ ફલેગશીપ કાર્યક્રમને વેગ આપવા તથા કન્યા કેળવણીને પ્રોત્સાહન મળે તે માટે સુચારૂ આયોજન કરવા જણાવવામાં આવે છે. સદર કાર્યક્રમની ગ્રાન્ટ જિલ્લા કક્ષાએથી કયુઇએમ શાખા દ્વારા ફાળવવાની રહેશે.સમગ્ર કાર્યક્રમનું સુચારૂ આયોજન થાય તે માટે મદદનીશ જીલ્લા કો.ઓર્ડીનેટર ક્યુ.ઈ.એમ. અને મદદનીશ જિલ્લા કો.આર્ડિનેટર-ગર્લ્સ એજયુકેશન સંકલનમાં રહી કામગીરી કરવાની રહેશે..આ ઉપરાંત મદદનીશ જિલ્લા કો.આર્ડિનેટર-ગર્લ્સ એજયુકેશન દ્વારા સામેલ પત્રક મુજબની માહિતી gsi-gcsess@gujarat.gov.in ઇમેલ આઇ.ઇ.ડી પર મોકલી આપવા જણાવવામાં આવે છે.

સદર કાર્યક્રમ માટે પત્રક-(એ) અને પત્રક-(બી) ની જરૂરી માહિતી કાર્યક્રમ પૂર્ણ થયા બાદ દિન-(૭) માં અત્રે મોકલી આપવા આપની કક્ષાએથી સંબધિતોને સુચના થવા વિનંતી છે.

પત્રક-(એ)

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | કુલ શાળાની સંખ્યા | ૨૨ મી જાન્યુઆરી-૨૦૨૩ થી ૨૨ મી જાન્યુઆરી-૨૦૨૪ દરમિયાનમાં જન્મેલી દીકરીઓની સંખ્યા | ૨૨મી જાન્યુઆરી-૨૦૨૩ થી ૨૨મી જાન્યુઆરી-૨૦૨૪ દરમિયાન જન્મેલી દીકરીઓમાંથી હાજર દીકરીઓ તથા માતા-પિતાની સંખ્યા | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | દીકરી | માતા | પિતા | અન્ય | કુલ |
| | | | | | | | | | |

પત્રક-(બી)

| Block Name | Cluster Name | Village Name | School Name | Name of Flag Hoisting Girl | When she left the school Date | CWSN (Yes/No) | Education Qualification | Category | Age | Designation/ current work | Contact No |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | |

( ડૉ. એમ.એમ.પટેલ )

એડી.સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર

સ્ટેટ પ્રોજેકટ કચેરી, ગાંધીનગર

સવિનય નકલ રવાના :

- પી. એ. ટુ. માન. એસ.પી.ડી.શ્રી, સદર કચેરી

बेटी बचाओ बेटी पढ़ाओ

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

આચાર્ય
પત્ર જાવક :
............પ્રાથમિક શાળા
શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર
તાઃ૨૬ મી જાન્યુઆરી- ૨૦૨૪

વ્હાલી દીકરી ..........................................................

આશા છે કે તમે (તું )સ્વસ્થ હશો (કુશળક્ષેમ હશો )અને પોતાના કુટુંબમાં પ્રત્યેક ખુશીનો આનંદ માણતા હશો.તમે તમારા જીવનનાં પહેલા વર્ષમાં છો અને તમારી કિલકિલાટથી (હાસ્યથી)તમારું ઘર આંગણું ગુંજી રહ્યું હશે.અમે તમને જણાવવા ઈચ્છીએ છીએ કે તમારા ઘરની નજીક જ એક શાળા છે જેમાં આવનાર વર્ષોમાં તમારા નાના –નાના પગલાં પડશે અને તમે કેટલાંય વર્ષ ત્યાં શિક્ષણ મેળવનાર છો.

તમને (તને) એ પણ જણાવવાં ઈચ્છીએ છીએ કે,અમે ૨૬ મી જાન્યુઆરીએ ભારત ગણરાજ્યનો ગણતંત્ર દિવસનો ઉત્સવ ઉજવીએ છીએ.આ દિવસે ગામની સૌથી વધુ ભણેલી તમારી મોટી બહેન (દીદી) ધ્વજ વંદન કરશે અને આ ગણતંત્ર ઉત્સવને ઉજવવા બધા બાળકો, મોટેરાઓ ભાગ લેશે, તો હવે તમે પણ અહીંના નાગરિક છો તો આ ગણતંત્રના ઉત્સવમાં (પર્વમાં)તમારે ઉપસ્થિત રહેવું એ અતિ આવશ્યક છે.

આથી તમારી નજીકની શાળા તથા શાળા વ્યવસ્થાપન સમિતિ તમને આ ઉત્સવમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવીએ છીએ.તમને બેસવા માટેની વ્યવસ્થા સૌથી પહેલી હરોળમાં કરેલ છે,જેથી તમે કોઈ પણ વિક્ષેપ વગર આ કાર્યક્રમને જોઈ શકો.આશા છે કે તમે આ કાર્યક્રમમાં સકુટુંબ પધારશો અને પોતાની નજીકની શાળામાં પહેલા ભ્રમણ કરશો.ખુબ ખુબ શુભ કામનાઓ સાથે ફરીથી વ્હાલભર્યું આમંત્રણ...
ઠંડી બહુ છે,પોતાની સંભાળ લેવી,આશા છે કે આ ૨૬ મી જાન્યુઆરીએ મુલાકાત અવશ્ય થશે."

આશીર્વાદ સાથે
તમારી નજીકની શાળા અને
તથા શાળા વ્યવસ્થાપન સમિતિ

દીકરી......................................................
સુપુત્રી શ્રીમતિ............................................
સુપુત્રી શ્રી.........................................

શાળા
આચાર્ય
પત્ર જાવક :
.............પ્રાથમિક શાળા
શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર
તાઃ૨૬ મી જાન્યુઆરી- ૨૦૨૪

વ્હાલી દીકરી ......................................................

આશા છે કે આપ કુશળક્ષેમ હશો અને પોતાના કુટુંબમાં પ્રત્યેક ખુશીનો આનંદ માણતા હશો. આપને જણાવવાં ઈચ્છીએ છીએ કે ૨૬ મી જાન્યુઆરીએ ભારત ગણરાજ્યનો ગણતંત્ર દિવસ છે અને આપ દુનિયાના સૌથી મોટા લોક તંત્ર દેશના નાગરિક છો. અમે દર વર્ષે ૨૬ મી જાન્યુઆરીએ ગણતંત્રનો ઉત્સવ ઉજવીએ છીએ.જેમાં ગામની સૌથી વધુ ભણેલી દીકરી દ્વારા ધ્વજારોહણ કરાવીએ છીએ. ચાલુ વર્ષે અમોએ શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા શાળામાં ધ્વજારોહણ માટે આપની પસંદગી કરેલ છે જે શાળા અને ગામ માટે ખૂબ જ ગર્વની બાબત છે.આ ગણતંત્ર ઉત્સવને ઉજવવા બધા બાળકો, મોટેરાઓ ભાગ લેશે, તો આ ગણતંત્રના ઉત્સવમાં (પર્વમાં) આપને ઉપસ્થિત રહેવું એ અતિ આવશ્યક છે.

આથી શાળા તથા શાળા વ્યવસ્થાપન સમિતિ આપને આ ઉત્સવમાં સકુટુંબ ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવે છે.જેમાં ધ્વજારોહણ કરી ગામની અન્ય દીકરીઓને ઉચ્ચ શિક્ષણ મેળવવા પ્રોત્સાહિત કરશો તેવી આશા છે.

દીકરી......................................................
સુપુત્રી શ્રીમતિ..............................................

સુપુત્રી શ્રી.........................................
સરનામું .............................................

આશીર્વાદ સાથે
આપની શાળા અને
શાળા વ્યવસ્થાપન સમિતિ